DCB-1901010201020402 Seat No. ________

# B. A. (Sem. II) Examination

## July - 2022

## ગુજરાતી : (Elective-1)

*(ગુજરાતી વ્યાકરણ-૪) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પાંચ પ્રશ્નના જવાબ આપો.

(2) દરેક ગુણ સરખા છે.

1 નીચેના ગદ્યખંડનું વિગતે વિવરણ કરો : **14**

''અખાડો આમ તો કસરતનો હોય પણ અમારો અખાડો તો વાતોનો. મંડળના વરિષ્ઠ સભ્ય ઘણી વાર કહે : 'આપણા મંડળ પાસે દેશની સંસદ પણ ટૂંકી પડે. આ પુલે બેઠા એ લોકસભા અને ઊભા એ રાજ્યસભા. આ દેશના પ્રશ્નોને ઉકેલવા સરકાર તરફથી આપણને આમંત્રણ મળે તો ચપટી વગાડતાં સીધુ સટ કરી દઈ' લોકશાહીની આ વાત મને ગમી કે મૂળ તો અમે અખાડાના માણસો! રાજનીતિ અને અખાડો બન્ને એક જ. એમાં પણ 'અ'નો લોપ કરો એટલે ખાડો, કસરતના અખાડે કસરતના દાવ અને જાતજાતના તેલમાલીસ શરીરના અંગઅંગમાં હોય પણ અમારે ત્યાં તો પાંચ વાગ્યે પંચાત એ જ અમારું તેલમાલીસ. પંચાતમાંથી મળતું નરવું હાસ્ય એ જ અમારી પ્રાપ્તિ. આમ એટલે કરીએ છીએ કે અમારામાંના અડધાનું સ્યુગર ને અડધાના બી.પી.નો કાંટો વાંહડાની જેમ ઊભો રહે.
હસે એનું ઘર વસે, વાત સાચી પણ અમારે તો ઘર વસ્યા પછી હસવું આવ્યું. અટાણે સાંઠપાસેઠે આવા અળવીતરા છીએ તે જુવાનીમાં વગવાંગડા જેવા નહીં હોય એની કઈ ખાતરી ? સંધાયને સંધાયના સીતાજી મળે એમ અમારા નામે તે કોઈકે નાગલા પૂજ્યા હશે તે મોળાકત ને ફૂલકાજળી, જયાપારવતી ને ધરમરાજાના વરત કર્યા હશે ને તે આજે પણ ચાંદીના રૂપિયાની જેમ ખણખણી છીએ. અમારાંય ઘર વસી ગયા ને ભંભો પાણી પી ગ્યાં.
હાસ્યે યોગની માતા છે એવું મારું માનવું સાચું છે. રામદેવબાબા કે બેબી પણ અમારી પાસે પાણી ભરે એવાં અમે યોગના નિષ્ણાત કે રસ્તે જનારાં અમને જોતાં હોય ને અમારી ઠીઠીયાઠોરી એમને ગમતી હોય. જુવાન છોકરીઓ અને પાકેલ સ્ત્રીઓ પણ અમને જુએ ને ખી..ખી... કરે. કેમ કે અમે સામાજિક પ્રાણીઓ ખરા ને! ઘોડાગધેડા ને ખૂંટિયો તો ઉકરડે ઓખર કરે અમારે ક્યાં જવું ?
વાત એ પણ સાચી છે કે મારા પાંચસાત સાહિત્યિક લેખનું મૂળ પણ આ મડંળ રહ્યું છે.''

**અથવા**

1 નીચેના ગદ્યખંડનું વિગતે વિવરણ કરો. 14

''ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યમીમાંસામાં કાવ્યસર્જનનાં અનેક પ્રયોજનો - જેવા કે, ધર્મ, મોક્ષ, યશ-કીર્તિ, મનોરંજન, નીતિ, આનંદ, બોધ-ઉપદેશ, અમંગળનું નિવારણ વગેરે ગણાવાય છે. પરંતુ આ બધામાં સૌથી વધારે વિચારકોએ કાવ્યસર્જનનાં મુખ્ય ત્રણ પ્રયોજનોને વિશેષ મહત્વ આપ્યું જણાય છે. કાવ્યસર્જનનાં આ મુખ્ય ત્રણ પ્રયોજનો તે આનંદ નીતિ અને ઉપદેશ. આ ઉપરાંત આપણે ત્યાં અને પશ્ચિમમાં 'જીવન ખાતર કલા' અને 'કલા ખાતર કલા'ની જે ચર્ચાઓ ચાલી છે, એના મૂળમાં પણ આ આનંદ, નીતિ અને ઉપદેશના પ્રયોજનો જ રહેલા છે. એક પક્ષ કલામાં માત્ર સૌદર્ય કે આનંદનો જ મહિમા કરે છે, તો બીજો વર્ગ કલામાં નીતિ કે ઉપદેશનાં તત્વને જ સ્વીકારે છે. કલામાં આ પ્રકારના દુરાગ્રહોનો વાદ-વિવાદ પરાપૂર્વેથી ચાલ્યો આવ્યો છે, જેમા સમયે સમયે વધતો-ઘણો ઉમેરો પણ થતો રહ્યો છે. કલા કે સાહિત્યમાં નીતિ હોવી જોઈએ કે નહીં- આ પ્રકારનાં વિવાદમાંથી જ 'જીવન ખાતર કલા' અને કલા ખાતર કલા'નો વાદ જન્મ્યો છે.''

- અજ્ઞાત

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : 14

''સૌરાષ્ટ્રના લગ્નગીતના મૂળ લય અને તાલ સાંભળવા એ ગીતો પાસે જ જવું પડે. જો કે દરેક પ્રદેશમાં, સમાજમાં લગ્નગીત એ સંસાર, સંસ્કાર તથા સંસ્કૃતિના સિંચણ રહ્યા છે. આ લગ્નગીત માનવસંબંધોમાં સગાઈથી લઈને મીંઢળ, છેડાછેડી અને દોરડિયો છૂટવા સુધીના હોય. જેમાં લોકજીવનના અને પ્રસંગો હોય નવેય રસનું સંક્રમણ હોય તથા ભાવજગત પણ ખૂલતું હોય. આ લગ્નગીતમાં લય, ઢાળ, ઉલાળ અને સ્વરનો આરોહ અવરોહ અને એમાંથી વ્યક્ત થતો એક સામાજિક વ્યવહાર પણ હોય. આ લગ્નગીતમાં કંઠસ્થ પરંપરામાં સચવાયેલ સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક ઈતિહાસ કે સંદર્ભ પણ હોય. વૈદિક વિધિ પ્રમાણે વાત કરીએ તો કન્યાદાન માટે સંસ્કૃતમાં અનેક શ્લોક મળે પણ લોકની વાતમાં આ ગીત જ શ્લોક સમાન છે. 'અથઃ વિવાહ પ્રયોગ' નામે એક પ્રકરણ 'શ્રીવિવાહકલ્પતરુંઃ' 'નામના સંસ્કૃત ગ્રંથમાં મળે પણ લોકનો ગ્રંથ ? લોક રચેલાં કંઠસ્થ પરંપરામાં લગ્નગીતો એ જ એમનો ગ્રંથ. આ ગીતમાં દીકરીના દાનની વાત થયેલ છે. જેમ અન્નદાન, વસ્ત્રદાન, અંગદાન, સુવર્ણદાનસ, ભૂમિદાન ગોદાન એ રીતે કન્યાદાન. આ ભારતની ઉજ્જવળ પરંપરા છે કે દીકરીનું લગ્ન થાય એને કન્યાદાનનો પ્રસંગ કહેવાય છે. વસ્ત્ર, અન્ન કે અન્ય દાન એ મૂલ્યવાન હોવા છતાં મનુષ્યની તોલે તો ન જ આવી શકે. એમાં વળી દીકરી એ તો કુળને તારનારી અને વધારનારી છે. આ જગતની સંચાલિકા, પ્રકૃતિ તથા શક્તિસ્વરૂપા છે. સાક્ષાત માતૃકા છે. એ કન્યાનું દાન અને એનો સંકલ્પ ગોત્ર, માતાપિતા એમ બન્નેના ગોત્રને વંદન કરીને થાય પણ આ ગીતોમાં જે માતાપિતાએ જન્મ આપ્યો છે તેને પણ વંદન થયાં છે. દીકરી જ્યાં સાસરે જાય છે એ વરના માતાપિતાને પગે લાગીને દીકરીના માતાપિતા વિનંતી કરે છે કે અમારી દીકરી હજું કુમળી કોમળ કળી જેવી છે. એમને સાચવજો અને એમનું જતન કરજો. અમે અમારો કાળજાનો કટકો આજથી તમને દાનમાં આપી દીધો! હવે એ તમારી થઈ. અમારો હક પણ હવે કશું કહેવાનો બનતો નથી કારણ કે અમે તમને અમારી દીકરી આજથી દાનમાં દીધી છે. આ ભાવ જગત આપણા લગ્નગીતોમાં રહેલું છે.

એમ સમજી શકીએ કે ગીતોનું સંચરન પૂર્વની પેઢીએ સહજ રીતે જ સંઘ ઊર્મિથી કરીને પોતાની સંવેદનાને વાચા આપી છે. આ લગ્નગીતોમાં માનવ સંવેદનાની સાથે પ્રકૃતિ, ભૂગોળ, ખગોળ, અર્થશાસ્ત્ર અને રોજીંદી વેશભૂષા અને ખાનપાન પણ મળે છે. આ ગીતોના જે લય છે એ લોકલય તો ખરા અને એમાંનું સંગીત પણ સ્વરનું જ છે. આપણે ત્યાં ગવાતા લગ્નગીતમાં જે લય કે સ્વરનો આરોહ અવરોહ છે એ આ ગીતનો પ્રાણ છે.''

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : 14

''કોઈ પણ પરિવાર એ વિશાળ વૃક્ષ છે, એમ કહીએ કે વડલો છે. વડલો જેમ હંમેશાં સતત શીતલ છાય આપે છે એમ જ પરિવારજન એ પણ આપણને સતત છાયા આપતા હોય છે. આપણને ઘણી વખત ખબર પણ રહેતી નથી કે હું જ્યાં ઊભો છું ત્યાં મારી ઉપર પણ કોઈક ઊભું છે. જો આપણે એ સમજી લઈએ કે આપણું કુટુંબ કે પરિવાર એ વડલો છે તો સમજી શકાય કે આપણા મૂળ ઘણા ઊંડા છે.

આ મૂળ એ જ આપણો પરિવાર અને એની ડાળીઓ, પાંદડા અને ફળફૂલ એટલે આપણે બધા. આજે આપણે એવી ઘટનાએ ભેગા થયા છીએ કે જ્યાં સર્જન છે અને વિસર્જન પણ છે. સર્જન એ આપણું કુટુંબ અને વિસર્જન એ આપણા પરિવારમાંથી વિદાય લીધેલ આપણા સ્વજનો.

સ્વજન એટલે માત્ર પરિવારના સભ્યો નહીં પણ આપણા જ પરિવારનું એક અંગ પણ કહી શકાય છે. જેનાથી આપણે બન્યા છીએ અને જેના ઉપર આપણે ઊભા છીએ તે પરિવારના સ્વજનોની કોઈ રીતે વિદાય થાય એ પરિવાર માટે કરૂણ ઘટના છે.

આજે આપણે પરિવાર આપણા સ્વજનોની આ ચિરયાત્રાની વિદાય વખતે એમના સ્વજનોની સાથે જ છીએ. પરમ કુપાળું પરમાત્માને પ્રાર્થના કે દિવંગતોને ચિર શાંતિ આપે.''

3 નીચે આપેલ કહેવતોના અર્થ આપો. 14

(1) ગાજ્યાં મેહ વરસે નહીં
(2) ઘર ફૂટ્યે ઘર જાય
(3) ઘરડાં ગાડા ગાળે
(4) ઘર કી મુરઘી દાલ બરાબર
(5) ઘી ઢોળાયું તો ખીચડીમાં
(6) ઘર વેચીને તીરથ કરવું
(7) દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ.

**અથવા**

3 જોડાક્ષર એટલે શું ? સમજાવી ચારેક પ્રકારના જોડાક્ષર ઉદાહરણ સહિત સમજાવો. 14

4 નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ સમજાવો. 14

(1) મને ખાટું થવું

(2) મોંમાં આંગળા ઘાલવા

(3) લીલી સૂકી જોવી

(4) લોઢાના ચણા ચાવવા

(5) શેર લોહી ચઢવું

(6) હથેળીમાં ચાંદ બતાવવો

(7) હાથ કાળા કરવા

**અથવા**

4 ગુજરાતીના વિવિધ વિરામચિન્હો ઉદાહરણ સહિત સમજાવો. 14

5 નીચેનામાંથી કોઈ પણ બે જવાબ આપો : 14

(1) દ્વન્દ્વ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(2) અવ્યવીભાવ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(3) તત્પુરુષ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(4) ઉપપદ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.